# નવીન શાહ મર્ડર કેસનો મુખ્ય સુત્રધાર શૈલેષ ઝબ્બે

**પોતાની રીટ્ઝ ગાડી પોલીસે જપ્ત કરી લીધી હોવાનાં મેસેજ મળતા શૈલેષ સ્થળ પર તપાસ કરવા ગયો ને વોચમાં બેસેલી એલસીબીની ટીમે પીછો કરીને તેને પકડી પાડ્યો : ગુનામાં વપરાયેલી સફારી ગાડી પણ જપ્ત : ત્રણ આરોપીઓ હજુ ફરાર**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એલસીબી નવનીત ગાલાના ડાયરેક્ટર નવીન શાહનાં અપહરણ બાદ હત્યાનાં હાઈપ્રોફાઈલ કેસની તપાસ ચલાવી રહી છે. પકડાયેલા બે આરોપીઓ હાલ ૧૨ દિવસના રિમાન્ડ પર છે. દરમ્યાન ગઈકાલે એલસીબીએ આ ગુનાનો મુખ્ય સુત્રધાર હીસ્ટ્રેશીટર શૈલેષ પટેલ ઊર્ફે એસ.પી.ની રીટ્ઝ ગાડી જપ્ત કરી હતી. આ મેસેજ સોશ્યલ મીડીયા મારફતે તેને મળતા શૈલેષ સ્થળ પર તપાસ કરવા પહોંચ્યો હતો. વૉચ પર બેસેલી એલસીબીની ટીમે તેનો પીછો કરીને દબોચી લીધો છે. હત્યા જે સફારી કારમાં થઈ હતી તે સફારી કાર પણ એલસીબીએ જપ્ત કરી લીધી છે. પુછપરછમાં અન્ય ત્રણ શખ્સોના પણ નામ ખુલ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તે આરોપીઓ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતન, પીએસઆઈ કૃણાલ પટેલ, એચ.કે. સોલંકી અને એસ.બી. પઢેરીયાની અલગ અલગ ચાર ટીમો ઈન્વેસ્ટીગેશન અને ગુનાના પુરાવા એકત્ર કરવા દોડતી કરી હતી. આ ગુનાના મુખ્ય સુત્રધાર શૈલેષ પટેલની રીટ્ઝ કાર કે જેમાં બેસીને ગુનાનું કાવતરૂ રચાયુ હતુ તે કારને ગઈકાલે ટીમે પ્રાંતિજ નજીકથી જપ્ત કરી લીધી હતી. કોઈ રીતે આ સમાચાર શૈલેષ સુધી પહોંચી જતા શૈલેષ આજે પ્રાંતિજ પાસે કાર અંગે તપાસ કરવા ગાડી લઈને પહોંચ્યો હતો. આ બાતમી પહેલેથી જ એલસીબીની ટીમના દિલીપસિંહ, અજવેન્દ્રસિંહ અને નરેન્દ્રસિંહને મળતા પ્રાંતિજ ખાતે સ્થળ પર વૉચ પર ગોઠવાઈ ગયા હતા. શૈલેષ સ્થળ પર કાર લઈને આવ્યો અને કારમાંથી ઉતર્યા વગર સ્થળ જોઈને ફટાફટ ગાંધીનગર તરફ રવાના થયો હતો. ટીમે તેનો પીછો કર્યો અને બીજી ટીમો ચિલોડા નજીક ગોઠવી તેને આંતરી લેવાનો પ્લાન બનાવી ચિલોડા સર્કલ પહેલા સફારી ગાડી સાથે પકડી પાડવામાં આવ્યો હતો. મુખ્ય સુત્રધાર શૈલેષ પ્રભુદાસ પટેલ જે ગાડી સાથે પકડાયો તે સફારીમાં જ નવીન શાહની હત્યા કરવામાં આવી હતી. હત્યા થઈ ગયા બાદ લાશ ફેંકી દઈને હત્યારાઓએ સફારી ગાડીની નંબર પ્લેટ ઉતારી દીધી હતી અને ડાર્ક ફિલ્મ પણ કાઢી નાંખી હતી જેથી સફારી ઓળખાઈ ન જાય..! શૈલેષે ગુનાની કબુલાત કરી લીધી છે અને અન્ય ત્રણ શખ્સોના નામ પણ ખુલ્યા છે. જે પૈકી એક શખ્સ ગાંધીનગરના એક હુક્કાબારનો માલીક હોવાનુ જાણવા મળ્યુ છે. એલસીબીની ટીમે શૈલેષના રિમાન્ડ મેળવવા તથા અન્ય આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.

## શૈલેષે ૧૫ વર્ષ પહેલા સચિવાલય પાસેથી એક અધિકારીના દિકરાનુ કીડનેપીંગ કર્યું હતુ

**શૈલેષ ૧૫ ચેઈન સ્નેચીંગના ગુનામાં પકડાયો હતો**

હાઈપ્રોફાઈલ હત્યા કેસનો મુખ્ય સુત્રધાર શૈલેષ પટેલ અગાઉ પણ અપહરણ, ખંડણી ઉપરાંત ચેઈન સ્નેચીંગ જેવા ગુનાઓમાં પકડાયેલો હોવાનું ખુલ્યુ છે. ૧૫ વર્ષ પહેલા શૈલેષે તેના અન્ય સાગરીતો સાથે મળીને ગાંધીનગર સચિવાલય પાસેથી એક આરટીઓ અધિકારીના સગીર દિકરાનુ અપહરણ કરી ખંડણી માંગી હતી. તેમાં પકડાયા બાદ જેલમાંથી છુટીને આ શખ્સ ગાંધીનગર-અમદાવાદમાં ચેઈન સ્નેચીંગના રવાડે ચઢ્યો હતો. ૧૫ જેટલા ચેઈન સ્નેચીંગના ગુનામાં તે પકડાઈ ચુક્યો હતો. તેની પાસા પણ થયેલી છે અને આણંદમાં પ્રોહીબીશનના ગુનામાં તથા તલોદ અને પ્રાંતિજમાં મારામારીના ગુનામાં પણ શૈલેષ પકડાયેલો હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

## નવીન શાહના અપહરણ બાદ શુ થયુ ..?

ફોન કરીને નવીન શાહને વૈષ્ણોદેવી સર્કલ નજીક ગોરબંધ હોટલ સામે બોલાવ્યા બાદ યુનિયન એક્ટીવ થવાની બીક આપી આ ગેંગે નવીન શાહને સફારી ગાડીમાં બેસાડ્યા હતા. ડાર્ક બ્લેક ફીલ્મવાળી આ સફારી ગાડીમાં ડ્રાઈવર સીટ ઉપર શૈલેષ બેઠો હતો. બાજુની સીટ ખાલી હતી. પાછળ વચ્ચેની સીટમાં એક શખ્સ બેઠો હતો અને છેલ્લી સીટમાં બે શખ્સો બેઠા હતા જે સીટ નીચે સંતાઈને બેઠા હતા અને તેમાં એક રમેશ પટેલ હતો. નવીન શાહને પાછળની વચ્ચેની સીટમાં બેસાડી યુનિયનની બોગસ વાતો કહેવાનુ શરૂ કર્યુ અને સફારી શૈલેષે કેનાલ તરફના રસ્તે વાળી હતી. કેનાલ પહેલા સફારીને ઉભી રાખી એટલે છેલ્લી સીટમાં બેઠેલો રમેશ આગળની ડ્રાઈવર સીટની બાજુમાં ખાલી સીટે આવીને બેસી ગયો હતો. ત્યાર બાદ ફરી સફારી આગળ કેનાલ તરફ ચલાવવાનુ શરૂ કર્યું અને પછી કહી દીધુ કે તમારૂ અપહરણ કર્યુ છે. રૂપિયા આપવા પડશે. નવીન શાહે બુમાબુમ કરતાં છેલ્લી સીટે સંતાયેલો શખ્સ ઉભો થઈ ગયો અને તેણે પાછળથી નવીનભાઈને ગળેથી પકડી લીધા અને વચ્ચે બેઠેલા શખ્સે પણ તેમને પકડી લીધા તે ઉપરાંત આગળની સીટે જતા રહેલા રમેશ પટેલે પગ ફીટ પકડી લીધા હતા. રસ્તામાં હાથાપાઈ થઈ અને ચારેક માસ પહેલા જ પત્નિને એક કીડની ડોનેટ કરી તાજેતરમાં જ સાજા થયેલા નવીન શાહ મોતને વ્હાલા થઈ ગયા હતા. નવીન શાહની હત્યા થઈ જતા ખંડણીનો પ્લાન પડતો મુકી આરોપીઓ લાશને સગેવગે કરવામાં પડી ગઈ અને માલપુર જઈને લાશ ફેંકી આવી હતી.

# ટાઉનહોલના ત્રણ એ.સી. પ્લાન્ટનુ ટૂંકમાં રીપેરીંગ હાથ ધરવા વિચારણા

શહેરના ટાઉનહોલના રીનોવેશન માટે બજેટમાં રૂ ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ ટાઉનહોલને નવા રૂપરંગ આપવાની યોજના હજુ કાગળ ઉપર પણ આખરી થઈ નથી. ત્યારે ટાઉનહોલનુ કામ શરૂ થતા એક વર્ષ જેટલો સમય લાગી જાય તેમ હોવાનુ પણ મનાઈ રહયુ છે. આવા સંજોગોમાં ટાઉનહોલમાં નબળા એ સી પ્લાન્ટ સહીતની ખાડે ગયેલી વ્યવસ્થા કાર્યક્રમના આયોજકો માટે મુંઝવણરૂપ બની છે. ટાઉનહોલના રીનોવેશનમાં હજુ સમય લાગે તેમ છે ત્યારે એ સી પ્લાન્ટને રીપેરીંગ કરવાનુ કામ હાથ ધરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. ૧૬ વર્ષ જુના એ સી પ્લાન્ટને ત્વરિત અસરથી યોગ્ય કરવાની પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે. જો કે એ સી પ્લાન્ટનુ સમારકામ હાથ ધરવામાં આવે તો ટાઉનહોલ ૪૫ દિવસ સુધી બંધ રાખવાની ફરજ પડે તેમ છે.

શહેરનો એકમાત્ર ટાઉનહોલ છેલ્લા બે વર્ષથી મરણપથારીએ હોય તેવી સ્થિતિ છે. ટાઉનહોલમાં લાઈટ, સાઉન્ડ, એ સી તેમજ બેઠક વ્યવસ્થા સહીતની સુવિધાઓ ખાડે ગઈ છે. જેના લીધે કાર્યક્રમના આયોજકોએ પણ મુંઝવણભરી સ્થિતિમાં મુકાવાનો વારો આવે છે. જયારે કાર્યક્રમ નિહાળવા આવતા શ્રોતાઓ પણ ગુંગળામણ અનુભવે છે. લાંબા સમયથી ટાઉનહોલના ત્રણ એ સી પ્લાન્ટ પૈકી એક સદંતર બંધ હાલતમાં છે. જયારે બે પ્લાન્ટ માત્ર કહેવા પુરતા જ કાર્યરત છે. જેના લીધે બફરો અનુભવતા શ્રોતાઓ અને કલાકારો પણ અકળાઈ જાય છે. ટાઉનહોલના રીનોવેશન માટે બજેટમાં રૂ ૮ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.પરંતુ લાંબા સમયના અંતે પણ રીનોવેશનના પ્રોજેકટ અંગેની કાર્યયોજના કાગળ પર પણ આખરી થઈ શકી નથી. જયારે ટાઉનહોલના રીનોવેશનની કામગીરીમાં હજુ પણ એક વર્ષ જેટલો લાંબો સમય નિકળી જાય તેવી સ્થિતિ છે. ત્યારે આવા સંજોગોમાં ટાઉનહોલમાં કાર્યક્રમ કરવાનુ પણ મુશ્કેલ છે. સ્થાનિક નગરજનો સંસ્થાઓ ઉપરાંત સરકાર દ્વારા પણ વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોનુ ટાઉનહોલમાં આયોજન કરવામાં આવે છે. ત્યારે ટાઉનહોલના એ સી પ્લાન્ટનુ ત્વરિત



કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા હાલ પુરતા હોલના એ સી પ્લાન્ટનુ સમારકામ હાથ ધરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. જયારે એ સી પ્લાન્ટનુ કામ ટેન્ડર પ્રક્રીયાના આધારે એજન્સીને સોંપવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે. જો કે રીનોવેશન વખતે આ ખર્ચનુ આર્થિક ભારણ ન પડે તે માટે બાયબેક સિસ્ટમ પણ અપનાવવા આયોજન આખરી થઈ રહયુ છે.

# કલોલ શહેરમાં એક સપ્તાહમાં જ સાદા ઝાડાના ૪૦થી વધુ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ઝાડાના ૪૦થી વધુ કેસ છેલ્લા પાંચ દિવસ દરમ્યાન નોંધાતા આરોગ્ય તંત્ર ચિંતાતુર બન્યુ છે. શહેરમાં પેયજળનો પુરવઠો સુપર ક્લોરીનેશન સાથે આપવામાં આવે તે માટે પ્રાન્ત અધિકારીને પણ દરમ્યાનગીરી કરવા પણ તંત્રએ જણાવ્યું છે.

કલોલ પંથકમાં થયેલા ભારેથી અતિભારે વરસાદને પગલે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. આ શહેરમાં લીકવીડ ક્લોરીનેશન પ્લાન્ટ પણ ઠપ્પ થઈ જવા પામેલ છે. અહિ પાવડરથી ક્લોરીનેશન કરવામાં આવે છે પરંતુ તે પુરેપુરૂ થતુ નહિ હોવાનું આરોગ્યતંત્રએ કરેલા પરીક્ષણમાં બહાર આવતાં તંત્રએ પ્રાન્ત અધિકારીને દરમ્યાનગીરી કરી નગરપાલિકાને આ માટે કડક તાકીદ કરવા અને સુપર ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો મળે તેવી રજુઆત કરી છે.

વરસાદે વિરામ લેતાં જ કલોલ શહેરના વિવિધ વિસ્તારોમાંથી રોજના ૬ થી ૭ જેટલા સાદા ઝાડાના કેસ નીકળવાના શરૂ થયા છે અને આજ સુધીમાં ૪૦ થી વધુ કેસ નોંધાયા છે. જે પૈકી ૩૫ જેટલા કેસ કલોલ સીએચસીમાં હાલ સારવાર હેઠળ છે.

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર જિલ્લાના ૨૨ તલાટીઓ બદલાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં તંત્રને ગતિશીલ બનાવવા માટે આજે ૨૨ જેટલા તલાટીઓની સામુહિક બદલીનો ગંજીફો પંચાયતમાં ચીપવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૮ જેટલા તલાટીઓ જિલ્લાફેરથી બદલી પામી હાજર થયા હતા તો તલાટી સંવર્ગની લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ હાજર થયેલા ૧૪ જેટલા તલાટીઓને પોસ્ટીંગ આપવાની કામગીરીને ધ્યાને લઈ બદલીનો આ ગંજીફો ચીપવામાં આવ્યો છે.

તલાટીઓની બદલીની વાતો ઘણા સમયથી થતી હતી. પરંતુ ૭ જેટલા તલાટીઓ તેમની તાલિમની પરીક્ષા આપી પણ ઉત્તીર્ણ થયા હતા તેમજ વેઈટીંગલીસ્ટ ઓપરેટ કરતાં બીજા ૭ તલાટી હાજર થયા હતા.

જિલ્લાતંત્ર દ્વારા આજે સાંજે આ બદલીના અને નિમણુંકના હુકમો જારી કરવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૫ થી ૬ જેટલી બદલીઓ સ્વ વિનંતીથી કરવાની અરજીઓ માન્ય રાખવામાં આવી છે. જિલ્લામાં બદલીના આ પગલે હવે લગભગ તલાટીઓની મોટી જગ્યાઓ ભરાઈ જવા પામી છે અને તેથી વિકાસના કામોને વેગ મળશે તેમ તંત્રના સૂત્રો માની રહ્યા છે.





## ધી ગાંધીનગર નાગરીક કો.ઓપરેટીવ બેન્ક લિ. ગાંધીનગર

હેડ ઓફિસ : પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર નં.૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૨૧૫/૨૩૨૨૧૯૮૫

બેન્ક એટલે નાગરીક... નાગરિક એટલે... નાગરીક બેન્ક... આપની સેવામાં....

ગાંધીનગરના જન્મદિવસે સૌ નગરજનોને નાગરિક બેંક

**અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે...**

| પ્રગતિના સોપાન | | થાપણો પર આકર્ષક વ્યાજના દરો | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ૪૭૯ લાખ | ૧૫ દિવસથી ૪૫ દિવસ | ૪.૦૦ % |
| ડિપોઝીટ | ૧૭૬૮૩ લાખ | ૪૬ દિવસથી ૯૦ દિવસ | ૪.૫૦ % |
| ધિરાણો | ૮૪૯૦ લાખ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૫.૫૦ % |
| કાર્યકારી ભંડોળ | ૨૯૩૧૮ લાખ | ૧૮૧ દિવસથી ઉપર ૩૬૫ દિવસ | ૬.૫૦ % |
| | | ૩૬૬ દિવસ અને તેથી ઉપર પરંતુ ૩૬ માસ | ૭.૫૦ % |
| | | ૩૬ માસથી ઉપર પરંતુ ૬૦ માસે | ૭.૫૦% |

નોંધ : ૧. સિનીયર સીટીઝનને ૦.૨૫ % વધુ વ્યાજ આપી શકાશે.
૨. સિનીયર સીટીઝનને ઉંમર ૬૦ વર્ષ અને તેથી ઉપર ગણાશે.

**ખાસ વહેપારી એકમો માટે કેશક્રેડિટ ધિરાણ ઉપર વ્યાજનો દર ૧૦.૫ %.
આ ઉપરાંત અન્ય ધિરાણના વ્યાજના દરો નીચે જણાવ્યા મુજબ**

| | | | |
|---|---|---|---|
| ૧. માત્ર મકાન બાંધકામ | ૧૦ % | ૯. એન.એસ.સી. લોન+ઓવર ડ્રાફ્ટ | ૧૦ % |
| ૨. તૈયાર મકાન ખરીદી અથવા રિપેરીંગ | ૧૦.૫૦ % | ૧૦. શૈક્ષણિક લોન (દેશની અંદર) | ૧૦ % |
| ૩. રીયલ એસ્ટેટ | ૧૧ % | ૧૧. શૈક્ષણિક લોન (પરદેશ માટે) | ૧૦.૫ % |
| ૪. ખાનગી વાહન ખરીદી/ટુ વ્હીલર | ૧૦ % | ૧૨. કન્ઝ્યુમર ચિજોની ખરીદી | ૧૧ % |
| ૫. ફોર વ્હીલર | ૧૦ % | ૧૩. ધંધાકીય કેશક્રેડિટ તથા લોન | ૧૦.૫ % |
| ૬. કોમર્શિયલ વ્હીકર ધિરાણ | ૧૧ % | ૧૪. વ્યક્તિગત લોન | ૧૨ % |
| ૭. જુના વ્હીકલ (પરંતુ ૩ વર્ષથી જુના નહિ) ખરીદી | ૧૪ % | ૧૫. ફિક્સ ડિપોઝીટ સામે ચુકવવામાં આવતા લોન + ઓવર ડ્રાફ્ટ વ્યાજ કરતા ૧% વધારે | |

**જેની વિશેષતાઓ :**

(૧) ખાતેદારોને ઓટો એસ.એમ.એસ.થી વ્યવહારોની જાણ કરવાની સિસ્ટમ
(૨) સ્ટેમ્પ ફ્રેન્કીંગ સેવાઓ ઉપલબ્ધ
(૩) RTGS સુવિધા પ્રાપ્ય
(૪) ગેસની બીલ કલેક્શન સેવાઓ ઉપલબ્ધ

શ્રી ઘનશ્યામ કે. પટેલ, ચેરમેન
મનુભાઈ બી. પટેલ, મેને. ડિરેક્ટર
શ્રી અશોકભાઈ આર. પટેલ, વાઈસ ચેરમેન
ગોવિંદભાઈ એમ. પટેલ, જનરલ મેનેજર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ જી. પટેલ, ચંન્દ્રકાન્ત સી. પટેલ, ડો. હિમાંશુ પટેલ
પ્રવિણકુમાર ડી. પટેલ, એલ. કે. વાઘેલા, વિષ્ણુભાઈ આઈ. પટેલ
જયંતિભાઈ એમ. પટેલ, વિપુલભાઈ આર. પટેલ, પ્રવિણ આઈ. પટેલ
વિક્રમભાઈ કે. પટેલ, નરેન્દ્રભાઈ એમ. શાહ